# અંકલેશ્વરમાં ભ્રષ્ટાચારના આક્ષેપો વચ્ચે કોંગ્રેસે ઢોલ-નગારાં વગાડ્યાં!

**પાલિકામાં** ‘ચિલ્ડ્રન બેંક’ની નોટો ઊડી

**‘પતિરાજ’** અને ભ્રષ્ટાચાર સામે વિપક્ષનો હલ્લાબોલ

**અંકલેશ્વર** પ્રમુખના રાજીનામાની માંગ



પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર નગરપાલિકા પ્રમુખના કથિત ભ્રષ્ટાચાર સંબંધિત 50 હજાર રૂપિયાની માંગણીના ઓડિયો વાયરલ થયા બાદ શહેરની રાજનીતિ ગરમાઈ છે. આ મુદ્દે ગુરુવારે કોંગ્રેસ દ્વારા ઢોલ-નગારાં અને મ્યુઝિક સિસ્ટમ સાથે પાલિકા કચેરી ખાતે ઉગ્ર દેખાવો યોજાયા હતા.

કોંગ્રેસના કાર્યકરો દ્વારા ચિલ્ડ્રન બેંકની નોટો ઉડાવીને પ્રતિકાત્મક વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. પાલિકા પ્રમુખ લલિતાબેન રાજપુરોહિતને પદભ્રષ્ટ કરવાની માંગ સાથે “તોડબાજ પતિ-પત્ની હટાવો”, “ભાજપના રાજમાં ભ્રષ્ટાચાર” જેવા નારા લગાવવામાં આવ્યા હતા. વિરોધ દરમિયાન પાલિકા પ્રમુખ અને તેમના પતિના ફોટા સામે ચિલ્ડ્રન નોટોનો ઢગલો કરવામાં આવ્યો હતો.

વિપક્ષે પાલિકા કચેરીમાં પ્રવેશી સૂત્રોચ્ચાર કર્યા હતા અને સરકારના પરિપત્રોની અવગણના કરી પાલિકામાં ચાલતા કથિત ‘પતિરાજ’ સામે પણ આકરા આક્ષેપો કર્યા હતા. કોંગ્રેસના આગેવાનોના જણાવ્યા મુજબ અંકલેશ્વર સ્ટેશન રોડથી ત્રણ રસ્તા સર્કલના આઈકોનિક રોડના અંદાજે 75 લાખ રૂપિયાના કામમાં ખાયકી, ડમ્પિંગ સાઈટમાં ત્રણ વખત આગ લાગવાની ઘટનામાં કૌભાંડ તેમજ વિવિધ કોન્ટ્રાક્ટોમાં પ્રમુખ અને તેમના પતિ દ્વારા કટકી લેવાતી હોવાના ગંભીર આરોપો લગાવવામાં આવ્યા હતા.

## પાતલ રોડ પર ટ્રક અડફેટે રાહદારી યુવકનું મોત

માંડવી: અરેઠ તાલુકાના પાતલ ગામની સીમમાં પૂરઝડપે આવતા એક અજાણી ટ્રકે રાહદારી યુવકને અડફેટે લેતાં તેનું મોત નીપજ્યું હતું. માંડવી-કીમ રોડ પર આવેલા અરેઠ તાલુકાના પાતલ ગામે રહેતાં ગીતાબેન ગામીતનો ૨૪ વર્ષીય પુત્ર રાજેન્દ્ર શ્રીનિવાસ ગામીત ૧૪ જાન્યુઆરીના રોજ સાંજે સાડા છ વાગ્યાના અરસામાં પોતાના સંબંધીના ખેતરે જવા નીકળ્યો હતો. સાંજે આશરે સાતેક વાગ્યે તે પાતલ ગામની સીમમાં ખોડાંબા જતા રોડ પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે પાતલ તરફથી બેફિકરાઈથી અને પૂરઝડપે આવતા એક અજાણી ટ્રકનો ચાલક રાજેન્દ્રને જોરદાર ટક્કર મારી પોતાનું વાહન લઈ નાસી છૂટ્યો હતો. આ અકસ્માતમાં રાજેન્દ્રને છાતી અને પીઠના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. આથી તેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ અરેઠ સરકારી દવાખાને અને ત્યારબાદ વધુ સારવાર માટે માંડવી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને રાત્રે ૯:૪૦ વાગ્યે મૃત જાહેર કર્યો હતો.



# માફક પવનથી પતંગબાજો હેપ્પી, આકાશ રંગબેરંગી

**સુરત,** તાપી, ભરૂચ અને નર્મદા જિલ્લામાં મકરસંક્રાંતિની ઉત્સાહભેર ઉજવણી



બારડોલી, ભરૂચ, વ્યારા, રાજપીપળા: બારડોલી, ભરૂચ, તાપી અને નર્મદા જિલ્લામાં મકરસંક્રાંતિની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આખો દિવસ આકાશમાં રંગબેરંગી પતંગો ચગવાની સાથે વાતાવરણ કાઇપો છે..., એ લપેટ... ના નાદ સાથે ગૂંજી ઊઠ્યું હતું. આખો દિવસ હળવો પવન ચાલુ રહ્યો હોય લોકોને પતંગ ઉડાવવાની મજા આવી હતી. આ ઉપરાંત લોકોએ આ અવસરે તલના લાડુ અને ચીકી, બોર, શેરડી તેમજ ઊંધિયું પૂરીની પણ મજા માણી હતી. સવારથી જ પરિવાર સાથે લોકો ધાબા પર પહોંચી જઇ પતંગબાજી શરૂ કરી હતી. આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ ગયું હતું. આ પવિત્ર દિન નિમિત્તે લોકો દાન પુણ્ય કમાવવાનું પણ ચૂક્યા ન હતા. ગાયોને ચારો અને તલના લાડુ ખવડાવી ધન્યતા અનુભવી હતી. તેમજ અને મંદિરો અને સંસ્થાઓમાં દાનની સરવાણી વહાવી હતી. પતંગોત્સવ દરમિયાન પક્ષીઓને ઇજા ન થાય તે માટે ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. વન વિભાગ, પશુપાલન વિભાગ તેમજ જીવદયા પ્રેમીઓની ટીમ દ્વારા ખડેપગે સેવા આપવામાં આવી હતી.

બારડોલી ફ્રેંડ્સ ઓફ એનિમલ વેલફેર ટ્રસ્ટના પ્રમુખ જતીન રાઠોડના જણાવ્યાનુસાર એક કબૂતર અને એક ચકલીને ઇજા થઇ હતી. જો કે, તેમને સારવાર બાદ છોડી મૂકવામાં આવ્યા હતા. બીજા દિવસે ગુરુવારે બારડોલીના માહ્યાવંશી મહોલ્લામાં એક કાગડો વૃક્ષ પર પડેલા પતંગની દોરીમાં ફસાયો હતો. જેને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યો હતો.

ભરૂચ જિલ્લામાં 160 અબોલ પક્ષીનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું, જેમાંથી સમયસર સારવાર અને સંભાળના પરિણામે 97 અબોલ પક્ષીઓને નવજીવન આપવામાં સફળતા મળી હતી. જ્યારે દુર્ભાગ્યવશ 29 પક્ષી સારવાર દરમિયાન અથવા સારવાર પૂર્વે મૃત્યુ પામ્યાં હતાં.

### અંકલેશ્વરમાં પતંગ ચગાવતા યુવાનને કરંટ લાગ્યો

અંકલેશ્વર, ભરૂચ: ભરૂચ-અંકલેશ્વરમાં આકાશી યુદ્ધના પર્વ ઉત્તરાયણમાં પતંગ રસિયાઓએ હર્ષોલ્લાસભેર ઉજવણી કરી હતી. પતંગ રસિયાઓએ બે દિવસો દરમ્યાન પતંગબાજીની લુફ્ત ઉઠાવી હતી. ત્યારે અંકલેશ્વરમાં પતંગ ચગાવતા દરમિયાન સુરતી ભાગોળ વિસ્તારમાં યુવાનને કરંટ લાગ્યો હતો. જો કે, અન્ય એક યુવાને હિંમત કરી યુવાનને બચાવી લીધો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### કોળી ભરથાણા પાસે કારમાં આગ લાગી



કામરેજ: કોળી ભરથાણા પાસે કારમાં અચાનક આગ લાગતાં આખી કાર સળગી ગઈ હતી. કારમાં સવાર બંને ભાઈઓનો બચાવ થયો હતો. કતારગામ પરસોત્તમનગર સોસાયટીમાં મકાન નં.170માં મેહુર કુકા ધાંધલ પરિવાર સાથે રહે છે. અગિયાર માસ અગાઉ કાર નં.(જીજે 14 ઝેડ 5854) લીધી હતી. મંગળવારે પોતાની કાર લઈ મોટાભાઈ મુકેશ તેમજ માંડણ ખોડાભાઈ હરણની સાથે કામરેજના જોખા ગામે માંડણભાઈને મૂકવા માટે ગયા હતા. મૂકીને બંને ભાઈ કારમાં ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે શામપુરા-કામરેજ રોડ પર કોળી ભરથાણા ગામની હદમાં સાંજે 7.30 કલાકે એન્જિનના ભાગે ધુમાડો નીકળતાં કાર ઊભી રાખી ચેક કરતાં કંઈ જ માલૂમ ન પડતાં બોનેટ બંધ કરી દીધું હતું. બાદ જોતજોતામાં કારમાં આગ લાગી ગઈ હતી. જેની જાણ કામરેજ ઈ.આર.સી. ફાયર વિભાગને કરતાં તુરંત જ ઘટના સ્થળે દોડી આવી આગ પર કાબૂ મેળવ્યો હતો. પરંતુ આગથી આખી કાર સળગી ગઈ હતી. જે અંગે કામરેજ પોલીસે અકસ્માત આગ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

### બાજીપુરામાં વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત



વાલોડ: વાલોડના બાજીપુરા ખાતે માર્ગ અને મકાન વિભાગ હસ્તકના વિવિધ વિકાસકામોનું મહુવાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના હસ્તે રૂ.૧૦૨૯ લાખનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમના હસ્તે સુરત-ધુલિયા રોડ પર મિંઢોળા નદી ઉપર નિર્માણ થયેલા મેજર બ્રિજનું લોકાર્પણ તેમજ બાજીપુરા-કમાલછોડ ગામે પશુ સબ સેન્ટરના નવા બાંધકામનું અને સુરત-ધુલિયા રોડના રિસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

### ભરૂચની કે.જે.પોલિટેકનિક કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન



ભરૂચ: ભરૂચની કે.જે. પોલિટેકનિક કોલેજના પટાંગણમાં તાજેતરમાં ‘સ્વામી વિવેકાનંદ જયંતી’ નિમિત્તે ઐતિહાસિક સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. કોલેજના સ્થાપના કાળ બાદ પ્રથમ વખત આયોજિત આ કાર્યક્રમમાં વર્ષ-૧૯૬૫થી ૨૦૨૪ સુધીના ૧૦૦૦થી વધુ પૂર્વ વિદ્યાર્થીઓ ઊમટી પડ્યા હતા. આ પ્રસંગે અનેક વર્ષો બાદ મળેલા જૂના મિત્રો વચ્ચે લાગણીસભર દૃશ્યો સર્જાયાં હતાં અને જૂના ગુરુજનોનું સન્માન કરવામાં આવ્યું હતું.આ સ્નેહમિલનમાં ભરૂચના ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રી, માજી ધારાસભ્ય દુષ્યંત પટેલ, માજી કેબિનેટ મંત્રી અને એસોસિયેશનના પ્રમુખ ખુમાનસિંહ વાંસિયા, મનન આશ્રમના સંત અધ્યાત્મનજી, અશ્વિન કાપડિયા, સ્થાપક સભ્ય એમ.એસ.પટેલ, નોડલ ઓફિસર સી.એચ.ભટ્ટ, કરજિત પટેલ, યોગેશ સોની, હેમંત સુરતી, કન્વીનર ટ્રસ્ટી મુકેશ જાદવ અને ચિંતલ ફૂમતીવાલા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિદેશથી પણ પૂર્વ વિદ્યાર્થીઓ ખાસ હાજર રહ્યા હતા અને સૌએ કોલેજ કાળનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં.

### સોનગઢના ઓટા ગામ પાસે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત: યુવાનનું મોત

સોનગઢ: સોનગઢ તાલુકાના ઓટા ગામ પાસે બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માત થતાં ૨૫ વર્ષીય યુવાનનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પિતા રેવજીભાઇ હોમલીયાભાઈ ગામીતે સોનગઢ પોલીસ મથકે ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની વિગત મુજબ સોનગઢના ઓટા ગામના પાંઢર ફળિયામાં રહેતા આશિષભાઈ રેવજીભાઇ ગામીત (ઉ.વ. ૨૫) સવારના સમયે પોતાની બાઈક નં. (GJ-26-D-7143) લઈને દુકાને ગયા હતા. પરત ફરતી વખતે ઓટાગામના દેવળ ફળિયા પાસે સામેથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી શેરડી ભરેલી ટ્રક નં.(MH-18-M-3268)ના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રકનું આગળનું ટાયર આશિષભાઈના શરીર પરથી ફરી વળ્યું હતું. સ્થાનિક રહીશોએ તાત્કાલિક દોડી આવી ટ્રક રિવર્સ લેવડાવી ગંભીર રીતે ઘવાયેલા યુવાનને બહાર કાઢ્યો હતો. એ બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને તાત્કાલિક હિંડલાગામની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ બનાવને પગલે પરિવારમાં શોકની કાલીમા છવાઈ ગઈ છે. સોનગઢ પોલીસે આ મામલે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જેની વધુ તપાસ પી.એસ.આઈ. જીતકુમાર ચીમનલાલ ચૌધરીને સોંપવામાં આવી છે.

# વ્યારા નગરમાં રખડતા કૂતરાનો આતંક: મહિલાને બચકું ભર્યું

**ઘાયલ** મહિલાને હોસ્પિટલ ખસેડાઇ



વ્યારા: વ્યારા નગરમાં કૂતરું કરડતાં મહિલાને ઈજા થઈ હતી.

વ્યારાના નગરમાં દાદરી ફળિયા વિસ્તારમાં રહેતી મહિલા લક્ષ્મીબેનને રખડતા કૂતરાએ આંખ નજીક અચાનક બચકું ભરી દેતાં મહિલાને પરિવારના સભ્યો દ્વારા તાત્કાલિક સારવાર અર્થે વ્યારાની સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં તમને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે સુરત સિવિલમાં ખસેડવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. વ્યારામાં રખડતાં કૂતરાએ મહિલા પર અચાનક હુમલો કરી બચકું ભરી દેવાનો કિસ્સો પ્રકાશમાં આવતાં વ્યારામાં નગરજનો સહિત રાહદારીઓમાં રખડતાં કૂતરાના આતંકથી ભય વ્યાપ્યો છે. રખડતાં કૂતરાંને નિયંત્રણમાં લાવવા તંત્ર દ્વારા વહેલી તકે એક્શન લેવામાં આવે તેવી લોકમાંગ ઊઠ્યા છે.

# કામરેજમાં પ્રોપર્ટી પર લોન હોવા છતાં વેચી દઈ લાખોની છેતરપિંડી

**બેંકના** ખોટા દસ્તાવેજો બનાવનાર સામે ફરિયાદ

કામરેજ: ભાવનગરના તલાવડા ગામે રહેતા સંજયભાઈ ધામેલીયાએ વર્ષ 2014-15માં પોતાનાં પુત્રના લગ્ન માટે કામરેજની ‘ગ્રીનપાર્ક રેસિડન્સી’ સોસાયટીમાં પ્લોટ નં.47 વાળું મકાન પ્રકાશ નટવર ધામેલીયા પાસેથી રૂ.28 લાખમાં ખરીદ્યું હતું. પ્રકાશ ધામેલીયાએ અસલ દસ્તાવેજ ખોવાઈ ગયા હોવાનું જણાવી અને પોલીસની NOC રજૂ કરી વર્ષ-2016માં વેચાણ દસ્તાવેજ કરી આપ્યો હતો.

ગત 12 જાન્યુઆરી 2023ના રોજ ‘ધી નાશિક મર્ચન્ટર્સ કો.ઓ. બેંક’ દ્વારા આ મકાન પર કબજા નોટિસ મારવામાં આવતા સંજયભાઈ ચોંકી ઊઠ્યા હતા. તપાસ કરતા જાણવા મળ્યું કે, પ્રકાશ ધામેલીયાએ આ મિલકત પહેલેથી જ બેંકમાં મોર્ગેજ કરી લોન લીધી હતી. આટલું જ નહીં, તેણે બેંકના ખોટા સિક્કા અને સહીઓ કરી નકલી NOC બનાવીને મકાન વેચી દીધું હોવાનું ખૂલ્યું હતું.

આવી જ રીતે સોસાયટીમાં મકાન નં.7 ખરીદનાર ચંદુ મગન બલદાણીયા (રહે.,133, વૈકુંઠધામ, ગોડાદરા) પણ છેતરપિંડીનો ભોગ બન્યા છે.

તેમણે વર્ષ-2017માં હિંમત મકવાણા પાસેથી રૂ.49.51 લાખમાં મકાન લીધું હતું, જેના પર પણ બેંકે લોન ન ભરાતાં સીલ મારી દીધું હતું.આ બાબતે હિંમત મકવાણાને પૂછતાં ખોડા ઉકા ચૌહાણ પાસેથી વેચાણ દસ્તાવેજથી લીધું હતું. બેંકની તપાસમાં બહાર આવ્યું કે, મોટા વરાછા ‘ઓમ સાંઈ બિલ્ડ મેટ’ ના નામે જયેશ રાણા લખાણી (રહે.,એમ-301, રિવરવ્યુ હાઈટ્સ, મોટા વરાછા)એ આ મિલકતો ગીરો મૂકી રૂ.5 કરોડની લોન મેળવી હતી. હાલ કામરેજ પોલીસે આ આયોજિત ષડયંત્ર મામલે પ્રકાશ ધામેલીયા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અંકલેશ્વરના એસ.ટી. ડેપો ખાતે ૧૧.૬૨ લાખનું હેરોઈન ઝડપાયું

**સિગારેટની** ડબ્બીમાં ડ્રગ્સની હેરાફેરી, ભરૂચમાં પ્રથમ કિસ્સો

**ભરૂચ** SOGએ બે આરોપીને પકડ્યા, એક ફેરાનો ભાવ રૂ.10 હજાર હતો

**ત્રણ** વર્ષ પહેલાં અંકલેશ્વર ખાતે બેંક લૂંટ અને પોલીસ ફાયરિંગના આરોપી ડ્રગ પેડલર બન્યા



પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

ભરૂચ, અંકલેશ્વર: ભરૂચ એસ.ઓ.જી. (SOG) ટીમે અંકલેશ્વર એસ.ટી. ડેપો પાસે વોચ ગોઠવી બિહારથી હેરોઈન ડ્રગ્સ લઈને આવેલા બે રીઢા ગુનેગારોને ઝડપી પાડી નશીલા પદાર્થોના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો છે. ભરૂચ જિલ્લાના ઈતિહાસમાં હેરોઈન ડ્રગ્સ ઝડપાયાનો આ પ્રથમ કિસ્સો છે.

SOG પી.આઈ. એ.એચ. છૈયાને મળેલી બાતમીના આધારે પોલીસે ડેપોમાં વોચ ગોઠવી હતી. તપાસ દરમિયાન રાકેશ મંડલ અને દીપક સીંગ નામના બે શખ્સો ઝડપાયા હતા. તેમની સ્કૂલ બેગની તલાસી લેતાં 14 જીપલોક પડીકીઓ અને સિગારેટની ડબ્બીમાં છુપાવેલું 58.11 ગ્રામ ‘મિક્ષ હેરોઈન’ મળી આવ્યું હતું, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિં. રૂ.11.62 લાખ અંકાય છે. તપાસમાં બહાર આવ્યું છે કે, સારંગપુરમાં રહેતા વોન્ટેડ આરોપી સંતોષે રાકેશને બિહારના ભાગલપુરથી આ જથ્થો લાવવા માટે રૂ.10 હજારની લાલચ આપી હતી. અગાઉ પણ આ શખ્સો સંતોષના કહેવાથી ડ્રગ્સની હેરાફેરી કરી ચૂક્યા છે.

ઝડપાયેલા બંને આરોપીઓ રીઢા ગુનેગાર છે. વર્ષ-2022માં અંકલેશ્વરની યુનિયન બેંકમાં 44 લાખની લૂંટ અને પોલીસ પર ફાયરિંગના ગંભીર ગુનામાં તેઓ ઝડપાયા હતા. જામીન પર છૂટ્યા બાદ ફરીથી ગુનાખોરીની દુનિયામાં સક્રિય થઈ તેઓ હવે ડ્રગ પેડલર તરીકે કામ કરવા લાગ્યા હતા. પોલીસે ડ્રગ્સ અને મોબાઈલ મળી કુલ રૂ.11.72 લાખનો મુદ્દામાલ જપ્ત કરી સંતોષને વોન્ટેડ જાહેર કર્યો છે.

## રાજપીપળામાં જુગાર રમતા છ ઝડપાયા

રાજપીપળા: રાજપીપળા ટાઉન પોલીસે મકરસંક્રાંતિના દિવસે જૂનાકોટ વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા છ શખ્સને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. આ દરોડામાં કુલ 18,460ની રોકડ રકમ જપ્ત કરવામાં આવી છે. પોલીસે દાવ પરના 8,410 અને અંગજડતી દરમિયાન 10,050 કબજે કર્યા હતા. પોલીસે હર્ષદ ગોવિંદ વાદળ, દીપક વસાવા, અમિત પાટણવાડિયા, કનુભાઈ પાટણવાડિયા, નરપત સોલંકી અને શૈલેષ પ્રજાપતિ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## કાપોદ્રા ગામે જુગાર રમતા બેની અટકાયત

અંકલેશ્વર: કાપોદ્રા ગામના મંદિર ફળિયામાં ચાલતા જુગારધામ પર રૂરલ પોલીસે બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. આ રેડ દરમિયાન વિશાલ પટેલ અને સાદિક તરકી નામના બે ઈસમને પોલીસે રૂ. ૨૦૦૦ની રોકડ સાથે ઝડપી પાડ્યા હતા. જો કે, પોલીસને જોઈ બે મહિલા સહિત ત્રણ શખ્સ ફરાર થઈ જતાં વોન્ટેડ જાહેર કરાયા છે.

# બડે ખાનનો ‘રોયલ’ ફિયાસ્કો: બાઈક ચોરી છુપાવી દેતો હતો

**એલસીબીએ** કોઠવા રોયલ રેસિડેન્સીના રીઢા ચોરને ચોરીની સાત બાઈક સાથે દબોચી લીધો


ઇબ્રાહીમ કાનુ

હથોડા: માંગરોળના કોઠવા સ્થિત રોયલ રેસિડેન્સીમાં રહેતા અને મૂળ રાજસ્થાનના વતની રીઢા ગુનેગાર સિદ્દીક ખાન ઉર્ફે બડે ખાનને સુરત જિલ્લા એલસીબી પોલીસે ચોરીની બાઈક સાથે કીમ ચાર રસ્તા પાસે વોચ ગોઠવી પકડ્યો હતો. પ્રાથમિક પૂછતાછમાં આરોપીએ લાલ આંખ કરતા જ પોપટની જેમ અન્ય ૯ જેટલા વણઉકેલાયેલા ગુનાઓની કબૂલાત કરી હતી.

ઝડપાયેલા આરોપીની વધુ તપાસમાં જાણવા મળ્યું હતું કે, તેણે કોઠવા ગામની રોયલ રેસિડેન્સીના પાછળના ભાગે અન્ય ૭ ચોરીની મોટરસાઈકલ છુપાવી રાખી હતી, જે પોલીસે કબજે કરી છે. સિદ્દીક ખાન સામે અગાઉ કામરેજ, કોસંબા, ઓલપાડ, પાલનપુર તેમજ રાજસ્થાનના થરાદ અને બાલોતરા પોલીસ મથકોમાં અનેક ગુનાઓ નોંધાયેલા છે. એલસીબી પોલીસે તમામ બાઈક કબજે કરી આરોપીની ધરપકડ કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે. આ કામગીરીથી જિલ્લામાં વાહનચોરીના અનેક ભેદ ઉકેલાયા છે.

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં. ૪૬૩/૨૦૨૫
તા.૨૨/૧૨/૨૦૨૫

વાદી :- રઝીયાબીબી ચાકુબખાં પઠાણ, રહે.૧૬૧, દરગાહ ફળિયું, કોઠવા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ભાટકોલ ગ્રામ પંચાયત, તા માંગરોળ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રઝીયાબીબી ચાકુબખાં પઠાણ, રહે,૧૬૧, દરગાહ ફળિયું, કોઠવા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦એ તેઓના પોતે રઝીયાબીબી ચાકુબખાં પઠાણનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. નોંધણી કરાવવાની છે તેનું નામ: રઝીયાબીબી ચાકુબખાં પઠાણ ૨. જન્મ તારીખ: 01/06/1979 ૩. જન્મનું સ્થળ: મોજે.ભાટકોલ, તા.માંગરોળ, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે રઝીયાબીબી ચાકુબખાં પઠાણના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઇ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં. ૪૬૪/૨૦૨૫
તા.૨૨/૧૨/૨૦૨૫

વાદી :- રહીમાખાતુન ચાકુબખાં પઠાણ, રહે.૧-૨૬૩-, દરગાહ ફળિયું, કોઠવા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ભાટકોલ ગ્રામ પંચાયત, તા.માંગરોળ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રહીમાખાતુન ચાકુબખાં પઠાણ, રહે.૧-૨૬૩-, દરગાહ ફળિયું, કોઠવા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦એ તેઓના પોતે રહીમાખાતુન ચાકુબખાં પઠાણનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: રહીમાખાતુન ચાકુબખાં પઠાણ ૨. જન્મ તારીખ: 01/06/1967 ૩. જન્મનું સ્થળ: મોજે.ભાટકોલ, તા.માંગરોળ, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે રહીમાખાતુન ચાકુબખાં પઠાણના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ — સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને નાયબ કલેકટર ઓલપાડ પ્રાંત, ઓલપાડની કોર્ટમાં**

નં.એડીએમ/જન્મ-મરણ રજીસ્ટાર નં.૧૪૨/૨૦૨૫

વાદી :-: શ્રી રણજીતસિંહ પ્રભાતસિંહ સોલંકી
રહે.એ-૪૦૫, ઓપેરા ફ્લેટ, ઉમરીગર સ્કુલ પાસે, ઉમરા-મગદલ્લા, સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી, બલકસ ગ્રામ પંચાયત, તા.ઓલપાડ, જિ.સુરત.

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતાં વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી રણજીતસિંહ પ્રભાતસિંહ સોલંકીનાંએ તેમનો જન્મ તા.૨૫/૦૧/૧૯૬૩ નાં રોજ મુ.બલકસ, તા.ઓલપાડ, જિ.સુરત ખાતે થયેલ હોવાનું જણાવેલ છે. અને તેમનાં જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચૂકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવાનાં હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-30 માં વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેથી તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૨/૦૧/૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(પાર્થ તલસાણીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
અને નાયબ કલેકટર, ઓલપાડ પ્રાંત, ઓલપાડ


Milano MULTIPLEX
બારડોલી
The Raja Saab
10:00am, 01:30pm, 06:00pm, 09:00pm,
Jai Kanhaiyalall Ki-Gujarati
02:30pm, 09:30pm
One Two Cha Cha Chaa
03:00pm, 10:00pm
Dhurandhar - 05:00pm
Rahu Ketu - 12:00pm, 07:00pm
Bihu Attack - 11:00am
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333